અમરાઇવાડી

પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ફોન નં.૦૭૯-૨૫૭૩૨૩૩૨
Email:- polstn-amrai-ahd@gujarat.gov.in

પ્રેસનોટ

અપહરણના ગુનામાં બિહાર ખાતેથી ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢતી અમરાઇવાડી પોલીસ

અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૫૫/૨૦૧૯ ઇપીકો કલમ ૩૬૩ મુજબના ગુનામાં અમરાઇવાડી પોલીસ સ્ટેશનના પો.ઇન્સશ્રી આર.ટી.ઉદાવત તથા તેમની ઇન્વેસ્ટીગેશન ટીમના માણસોએ કોલ ડિટેલ આધારે તપાસ કરતા ગુમ થનાર બિહાર રાજ્યમાં હોવાનું જાણવા મળતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની લેખીત મંજુરી મેળવી તેઓ સાહેબના હુકમ અનુસાર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન તથા નાઓએ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર આર.ટી.ઉદાવત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ એ.આર.ચૌધરી તથા અ.પો.કો નાજુભાઇ ડોહલભાઇ તથા અ.પો.કો વિક્રમસિંહ દિલીપભાઇ તથા વુ.લો.ર પુજાબેન પ્રવિણભાઇ તથા આ.પો.કો કેતનભાઇ લાભુભાઇ તથા આ.પો.કો મહેશભાઇ ગણેશભાઇ નાઓની ટીમ બિહાર રાજ્યના સીતામઢી જીલ્લામાં અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં જઇ આયોજન પુર્વક ૪૫ કિ.મી વિસ્તારના બે અલગ-અલગ ગામમાં બે અલગ-અલગ ટીમો બની બંન્ને સ્થળે રાત્રીના એક જ સુસંગત સમયે છાપો મારી ગુમ થનાર ફરીયાદીની સગીર વયની દિકરી તથા તેણીને ભગાડી લઇ જનાર આરોપી નવીન નથુરાય યાદવ નાઓને શોધી કાઢી મેળવી લાવી ખુબ જ પ્રશંશનીય કામગીરી કરેલ છે જે અંગે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે